મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૩ ટકા
ગાંધીનગર તાપમાન

શ્રાવણિયા સોમવારે શિવાલયો ઉભરાયા

શહેરના શિવાલયોમાં શ્રાવણના ત્રીજા સોમવારે ભકતોમાં જોવા મળ્યો અનેરો ઉત્સાહ

ગાંધીનગર, તા.૨૩

ગઈકાલે પવિત્ર શ્રાવણ માસનો ત્રીજો સોમવાર હતો ત્યારે શિવાલયોમાં ભાવિકોની ભીડ ઉમટી હતી. વહેલી સવારના પહોરમાં જ ભકતોએ મહાદેવને શીશ ઝુકાવી પુણ્ય ભાથુ બાંધ્યું હતું.

શ્રાવણ મહિનામાં શિવભકતો મહાદેવમય થઈ જાય છે. શિવની મહિમા શિવભકતોમાં એવી જાગે છે કે એક મહિનો તો તેમના માટે શિવ શિવ જ હોય છે. શિવની આરાધના અને ભકિત માટે ભકતો આખો શ્રાવણ મહિનો ઉપવાસ કરે છે તો કેટલાક ભકતો સોમવારે ઉપવાસ કરે છે.

હર હર મહાદેવના નાદથી વાતાવરણ શિવમય બની ગયું હતું. મંદિરોમાં ખૂબ સરસ શણગાર કરવામાં આવ્યો હતો. ભકતોએ બિલિપત્ર ઉપરાંત દુગ્ધાભિષેક અને જલાભિષેકથી પૂજા અર્ચના કરી

ભોળાનાથને રિઝવવા પ્રાર્થના કરી હતી અને સાથે સાથે મેઘવૃષ્ટિની પણ કામના કરી હતી.

શ્રાવણના ત્રીજા સોમવારે મહાદેવ મંદિરોમાં વિશિષ્ટ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. ભકતજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરોમાં પણ ભાવિકો માટે કોરોનાની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થાઓ કરી છે. જેમાં મોટાભાગના મંદિરોમાં માસ્ક ફરજિયાત અને સરકારની ગાઈડલાઈન પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

શ્રાવણ માસમાં પાર્થિવ શિવલિંગના પૂજનનું ખૂબ જ મહત્વ છે. પાર્થિવ શિવલિંગનું પૂજન દરેક સોમવારે કરવાથી શિવજી અત્યંત પ્રસન્ન થાય છે. ત્રીજા સોમવારે એક મુઠ્ઠી મગ શિવલિંગ પર ચઢાવવાનું મહત્વ વધારે છે.

ગાંધીનગરના પાદરે અને સાબરમતી નદી કિનારે આવેલા પ્રાચીન ધોળેશ્વર મહાદેવ શિવભકતો માટે વિશેષ મહાત્મ્ય ધરાવે છે. પવિત્ર શ્રાવણ માસમાં દેવાધિદેવ મહાદેવને રીઝવવા માટે અને તેમની કૃપા મેળવવા માટે ભકતોએ શ્રાવણના ત્રીજા સોમવારે ધોળેશ્વર મહાદેવની પૂજા-આરાધના કરીને ધન્યતા અનુભવી હતી

આમ, ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ, વાસણિયા મહાદેવ, તખ્તેશ્વર મહાદેવ, કેશરેશ્વર મહાદેવ, ભીમનાથ મહાદેવ, સિધ્ધનાથ મહાદેવ, ચંદ્રમૌલેશ્વર મહાદેવ, જબરેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ ઉપરાંત શિવશકિત મંદિર, વૈજનાથ મંદિર, પંચદેવ મંદિર વગેરે જેવા અનેક શિવાલયોમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવ ભકતો હર હર મહાદેવ, ઓમ નમઃ શિવાયના નાદ સાથે દર્શન માટે પહોંચ્યા હતા અને શિવ ભકતોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

રેડક્રોસ સોસાયટી સામેનો અપપ્રચાર પાયાવિહોણો છે : જીલુભા ધાંધલ

ગાંધીનગર, તા.૨૩

તાજેતરમાં ગાંધીનગર રેડક્રોસ સોસાયટી વિરુદ્ધ એક નાગરિકના સામે વહેતી વાતો ખોટા અને બદઈરાદાવાળી છે. જીલુભા ધાધલ (રેડક્રોસ સોસાયટીના ચેરમેન), ડૉ. પ્રદીપ ગગલાણી (વાઈસ ચેરમેન), મગનભાઈ કાકડીયા (ખજાનચી)ના જણાવ્યા મુજબ સંસ્થાના હોદ્દેદારો પ્રતિષ્ઠિત, પ્રમાણિક, નિઃસ્વાર્થ સેવા ભાવનાવાળા હોવાથી તેમાં અનિયમિતતા કે ગેરરીતિને કોઈ જ અવકાશ નથી. પ્રસિધ્ધ થયેલ સમાચારમાં રેડક્રોસ સોસાયટી અને પોલીસ સામેના આક્ષેપોમાં સત્યતા નથી તેમજ બદઈરાદાથી એક નાગરિકે છપાવ્યું હતું. આ નાગરિકે અગાઉ રાષ્ટ્રપતિ, રાજયપાલ, નાયબ મુખ્યમંત્રી, જાહેર માહિતી આયોગ, રાજયના પોલીસ વડા, પોલીસ સ્ટેશનોમાં રેડક્રોસ સોસાયટી વિરૂધ્ધ અનેક રજૂઆતો કરી હતી. આ તમામ રજૂઆતો વહીવટી પ્રક્રિયાના અંતે ખોટી અને પાયાવિહોણી હોવાનું સાબિત થતા રદ કરવામાં આવી છે. આ નાગરિક જનતામાં પોતાને ઉચ્ચ અધિકારીઓ સાથે ઘનિષ્ઠ સંબંધો હોવાનો દાવો કરીને તેમની જાળમાં ફસાવવા જાહેર સંસ્થાઓ અને લોકોને ભ્રમિત કરીને તેનો મલીન ઈરાદો પાર પાડી રહ્યો હોય તેવુ જણાયું છે. તેથી રેડક્રોસ સોસાયટીના પદાધિકારીઓ આવા સમાચારથી ગેરમાર્ગે ન દોરાય અને સોસાયટી પ્રત્યે તેમનો અતૂટ વિશ્વાસ અને શ્રધ્ધા જાળવી રાખવા તથા આ નાગરિકથી ચેતતા રહેવા માટે રેડક્રોસ સોસાયટીએ જાહેર અપીલ કરી છે.

સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં આ વર્ષે ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં છેલ્લા ૫૧ વર્ષોથી સેક્ટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોના મારામારીના પગલે સરકારની ગાઈડલાઈન અનુસાર મર્યાદાને આધિન ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સાર્વજનિક ગણેશોત્સવના આકર્ષણ સમય વિવિધ સ્પર્ધાઓ આ વર્ષે ઓનલાઈન યોજવામાં આવશે તેવું સમિતિ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગરમાં દર વર્ષે યોજાતા સેક્ટર-૨૨ ખાતેના સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણીમાં વિવિધ આકર્ષણો તેમજ વિવિધ રંગમંચલક્ષી સ્પર્ધાઓનું ભારે મહત્ત્વ નગરજનો માટે હોય છે. આ સ્પર્ધાઓમાં શહેરનો યુવાવર્ગ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને શહેરના પ્રૌઢો તથા વૃદ્ધો તેને હરખભેર નિહાળે છે. સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી પ્રસંગે યોજાતી રંગમંચલક્ષી સ્પર્ધાઓની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ગણેશોત્સવ સમિતિ દ્વારા ચાલુ વર્ષે આ સ્પર્ધાઓ ડિજિટલ સ્વરૂપે ઓનલાઈન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ વર્ષે સમિતિ દ્વારા ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા અને મ્યુઝિકલ હાઉસીની સ્પર્ધાઓનું ઓનલાઈન આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓને વિવિધ વય જૂથમાં વહેંચી યોજવામાં આવશે અને પ્રત્યેક વય જૂથ વિભાગમાં ત્રણ ત્રણ ઈનામો આપવામાં આવશે તેવું સમિતિની અખબારી યાદીમાં જણાવાયું છે. આ સ્પર્ધાઓમાં રસધરાવતા કલાકારો માટે ભાગ લેવા માટેના નિયમો તેમજ નિયત અરજીપત્રકની વિગતો નજીકના સમયમાં સમિતિ દ્વારા જાહેર કરવામાં આવશે. ગણેશોત્સવ સમિતિ દ્વારા સ્પર્ધાઓનું આયોજન અંગે વિવિધ સમિતિઓની રચના કરી દેવામાં આવી છે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજનું ગૌરવ

પટેલ હેલી કલ્પેશકુમારે ગુજસેટ-૨૦૨૧માં ૧૨૦માંથી ૧૧૦.૫૦ ગુણ સાથે૯૯.૭૧ પીઆર મેળવી ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. આ ઉપરાંત શાળાના ૨૦ જેટલાં વિદ્યાર્થીઓએ ૯૦ પર્સેન્ટાઈલ ઉપર પરિણામ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના ડૉ. પ્રદિપ ગગલાણી (ટ્રસ્ટી) તથા જયોતિ ભાવસાર (આચાર્ય ઈન્ચાર્જી)એ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અંગદાન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સમાજમાં અંગદાનનું મહત્ત્વ વધે તેમજ આ અંગે જાગૃતિ ફેલાય અને એક માનસિક મૃત વ્યક્તિથી આઠ વ્યક્તિઓ નવજીવન પ્રાપ્ત કરી શકે એ વૈજ્ઞાનિક તથ્યને ઉજાગર કરવા આ જાગૃતિ કાર્યક્રમનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સ્તરે આ અંગદાન યોજના મહર્ષિ દધીચિ અંગદાન યોજના તરીકે વ્યાપાક પ્રતિસાદ પામતી જાય છે. ત્યારે તારીખ ૨૩ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય

વક્તા તરીકે દિલીપ દેશમુખજીએ ઉપસ્થિત રહી અંગદાન અંગેની વિસ્તૃત માહિતી આપી હતી અને પ્રશ્નોત્તરી યોજી હતી. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અશોક પ્રજાપતિએ પણ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમમાં સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝના ડાયરેક્ટર પ્રો. બી.ડી. ઢીલા અને યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ પ્રા.રીનાબેન રાઓલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું અને ડૉ.નરેન્દ્રકુમાર વસાવાએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી. કુલપતિ હર્ષદભાઈ શાહે આવો સમાજ-જાગૃતિનો કાર્યક્રમ યોજવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

જાયન્ટસ ગ્રૂપ ઓફ મેઈન તથા સાહેલીના નવા હોદ્દેદારોનો શપથવિધિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલીના નવા વર્ષ ૨૦૨૧-૨૨ના હોદ્દેદારોમાં મેઈન ગ્રૂપના પ્રમુખ તરીકે વિકેશ પટેલ, સાહેલી ગ્રૂપના પ્રમુખ તરીકે સ્નેહાબેન પટેલે નવા હોદ્દેદારો તરીકે શપથ લીધા હતા. બી.એમ. પટેલ અને ગાયત્રીબેને આ સભ્યોને શપથ લેવડાવીને આવકાર્યા હતા. જાયન્ટસ ગ્રૂપની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતા સીલ્વર જયુબીલી વર્ષ તરીકે ઉજવણી કરી હતી. છેલ્લા ૨૫ વર્ષથી સેવાકીય કાર્યોમાં જોડાયેલ સીનીયર સભ્યોને પરિવારે તાળીઓના ગડગડાટથી બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં અંબાલાલ પટેલ (મુંબઈના સ્પે. કમીટી મેમ્બર), કૌશિક પટેલ (તત્કાલીન બ્રાન્ચ પ્રમુખ), વસંત પટેલ (ખજાનચી), વિકેશ પટેલ (મેઈન ગ્રૂપના પ્રમુખ), પિનાકીન પટેલ, નરેશ પટેલ, સ્નેહા પટેલ (સાહેલી ગ્રૂપના પ્રમુખ), નીલા યાદવ (પૂ. પ્રમુખ), પારૂલ પટેલ, અલ્કા પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આજના હિંડોળા

- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સુરંગના હિંડોળા યોજાશે.

ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા ઓનલાઈન વર્કશોપ



ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં એજયુકેશન વિષયમાં પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓ પોતાનો મહાશોધ નિબંધ યોગ્ય રીતે કરી શકે તે હેતુથી ઓનલાઈન વર્કશોપ યોજાયો હતો. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવિધ તજજ્ઞો દ્વારા સંશોધન અહેવાલનું સ્વરૂપ, સમસ્યા અને વિધાન, સૈધ્ધાંતિક સમીક્ષા, સંબંધિત સાહિત્યનો અભ્યાસ, સંશોધન અંગેની સંપૂર્ણ માહિતીઓ વિશે સમજ આપવામાં આવી હતી. આ વર્કશોપ વીણાબેન પટેલ (ડીન)ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. હરિકૃષ્ણ પટેલે કર્યું હતું.

શાળા-કોલેજોમાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ભાઈ-બહેના પવિત્ર પ્રેમના પર્વની ઉજવણી વિવિધ શાળાઓ-કોલેજો-સંસ્થાઓમાં કરવામાં આવી હતી.

● આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ

શ્રીમતી આર.એન.પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓને રાખડી બનાવતા શીખવાડવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ જુદી-જુદી સામગ્રીનો ઉપયોગ કરી સુંદર મજાની રાખડી બનાવી હતી. આ પ્રવૃત્તિનું આયોજન બબીતાબેન ગુપ્તા અને આશિષભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

● એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ

ધોરણ- ૬ થી ૮ની વિદ્યાર્થીની બહેનોને શાળાના શિક્ષકોએ ઓનલાઈન રાખડી બનાવતા શીખવાડી હતી. જેનું માર્ગદર્શન સંગીતાબેન પટેલ (સુપરવાઈઝર) એ કર્યું હતું. વિદ્યાર્થીનીઓએ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.



● એસ.જી. અને એસ.વી. પ્રાથમિક શાળા

ભાઈ બહેનનાં પવિત્ર પર્વ રક્ષાબંધનની શાળામાં ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ રાખડી બનાવી

હતી અને વિદ્યાર્થીઓએ ચોકલેટબુકે (ગિફ્ટ પેકેટ) બનાવી પોતાની આંતરીક શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

● જે.બી. પ્રાથમિક શાળા

ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે રાખડી બનાવવાની સ્પર્ધા અને

ધોરણ ૧ થી ૨માં રાખડી દોરીને રંગ પૂરવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તમામ વર્ગના કુલ ૧૦૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શિક્ષકોએ રક્ષાબંધનના તહેવારનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

● માતૃવંદના મહિલા મંડળ

રક્ષાબંધન પર્વની ઉજવણી માતૃવંદના મહલા મંડળ દ્વારા કરાઈ હતી. જેમાં જાગૃત વસાહત ફોરમ, શિવશકિત વસાહત મંડળ અને ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જેમનું સ્વાગત મીનાબેન ગઢવી (પ્રમુખ) અને ઉષાબેન એમ. ચૌહાણ (સંચાલન મંત્રી)એ કર્યું હતું. જેમાં વોર્ડ નં.૬ના ઉમેદવાર મફતભાઈ દેસાઈ, ગૌરાંગ વ્યાસ, મહિલા અગ્રણી ગીતાબેન વાઢેર, મહિલા મોર્ચો વોર્ડ નં.૬ની બહેનો ઉપસ્થિત રહી હતી. સર્વે બહેનોએ ભાઈઓને રાખડી બાંધી તેમની પ્રગતિ અને સુખાકારી માટે મંગલકામના કરી શુભાશિષ આપ્યા હતા. જેમાં ભલીબેન ઠાકોરે બધાને મોં મીઠું કરાવ્યું હતું. ઉત્સાહ, ઉમંગ અને ઉમળકાભેર પર્વની ઉજવણી બાદ પ્રેમલતાબેન મહેરીયા, ભાવનાબા ગોલ સહિત બહેનોએ ગરબે ઘુમી કાર્યક્રમની ઉજવણી કરી હતી.

જન્મદિને વધામણી

ડો. સંજીવ શાહ (સિનિયર ડેન્ટીસ્ટ)
મો. ૯૮૨૪૦ ૧૩૭૬૪

જ્યોત્સનાબેન ઝવેરી (નિવૃત્ત નાયબ ભાષા નિયામક)
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩

જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

જાડેજા દિવ્યરાજસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬

રાજેશ્રીબેન હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫

મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫

ગાર્ગી પસારી ઠક્કર
મો. ૯૬૨૪૦ ૩૪૩૫૩

પટેલ રિતેષ વિષ્ણુભાઈ

ઉષાકાન્ત વસાવડા
શ્વાતિ વસાવડા

પરેશ દવે
મો. ૯૮૨૪૦ ૨૪૭૧૮



કૈરન્સ ડાભી
મો. ૮૯૮૦૯ ૨૪૨૧૦

આત્મન ફાઉન્ડેશન દ્વારા સેક્ટર - ૧૩ના બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની બાળ વિકાસ અને અન્ય સેવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધન પર્વની પૂર્વ સાંજે સેક્ટર-૧૩ની શ્રમજીવી વસાહતના બાળકો સાથે પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી આ પર્વની આ બાળકો સાથે ઉજવણી કરવામાં આવે છે. હાલમાં શાળાઓ નિયમિત ખૂલી નથી, ત્યારે બાળકોને તેમના અભ્યાસ વિશે પૂછવામાં આવ્યું હતું, ઘેર રહી સારી રીતે ભણવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોએ પ્રાર્થના, ગીત ગાયાં હતાં. બધાએ ભેગા મળી બે મિનિટ મૌન પાળી કોરોના અને અન્ય બીમારીમાં મૃત્યુ પામેલ સહુ માટે શાંતિ પ્રાર્થના કરી હતી. અંદાજે ૯૦ બાળકોએ પરસ્પર રાખડી બાંધી શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના સર્વશ્રી પ્રજ્ઞાબેન પટેલ, કપિલાબેન અને સવિતાબેન માછી, ભીખાભાઈ, જડીબેન, રાજુભાઈ, નરેશભાઈ વગેરે આ ઉજવણીમાં જોડાયા હતાં. આત્મન દ્વારા બધા બાળકોને રાખડીની સાથે બિસ્કીટ, નાસ્તા પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બીજાં વિશિષ્ટ બાળકોને પણ રક્ષાબંધન કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પુરબીયા સમુબેન કાનજીભાઈ**, ઉ.વ. ૭૬, સેક્ટર-૧૩
- **સ્વ. ઠાકોર તુલસીભાઈ રવજીભાઈ**, ઉ.વ. ૬૫, ચરેડી છાપરાં
- **સ્વ. કબીરા નાનીબેન ભીખાભાઈ**, ઉ.વ. ૬૮, સેક્ટર-૩
- **સ્વ. બારોટ કાન્તાબેન ચુનીલાલ**, ઉ.વ. ૮૫, સેક્ટર-૨૧